કે.ડી. NEWS
તારીખ : 18/05/2026

# સાવરકુંડલા નગરપાલિકાના નવા સૂત્રધારોને અનેક પડકારોનો સામનો કરવો પડશે




એપ્રિલ મહિનામાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સાવરકુંડલા નગરપાલિકામાં ભારતીય જનતા પાર્ટીને સ્પષ્ટ બહુમતી મળી હતી. આવતીકાલે નગરપાલિકાના નવા પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી થવાની છે. આ નવા હોદ્દેદારો સમક્ષ શહેરના પ્રાણ પ્રશ્નોનું નિરાકરણ કરવાનો મોટો પડકાર છે.નગરપાલિકાના મુખ્ય મુદ્દાઓમાં બંધ સ્ટ્રીટ લાઈટ, રખડતા ઢોર અને ગાયો, સફાઈ વ્યવસ્થા, પાણી વિતરણ જેવી પાયાની સમસ્યાઓનો સમાવેશ થાય છે. શહેરના અનેક વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટો બંધ પડેલી છે. મુખ્ય માર્ગો પર હાઈ વોલ્ટેજની આધુનિક સ્ટ્રીટ લાઈટો લગાવવી જરૂરી છે.સાવરકુંડલાની પ્રજાની સૌથી વિકરાળ સમસ્યા રખડતા ઢોરની છે. આ સમસ્યાનું નિરાકરણ નગરજનોને વિશ્વાસમાં લઈને કરવું પડશે. તેમજ રિવરફ્રન્ટ વિકાસ દરમિયાન ટ્રાફિકની અવરજવર સુગમ રહે તે માટે શાક વેચનારા વેપારીઓને યોગ્ય જગ્યા ફાળવવી આવશ્યક છે.અન્ય મહત્વની માંગણીઓ:બંને સ્મશાનનું સમારકામ અને રિપેરિંગનદી બજારમાં જાહેર શૌચાલયનું નિર્માણજનતાબાગનું સંપૂર્ણ સફાઈ અને રિનોવેશનબાળકો અને યુવાનો માટે આધુનિક લાઈબ્રેરીની સ્થાપનાઐતિહાસિક દરબારગઢનું જીર્ણોદ્ધાર (ખાસ કરીને મુતરડી વિસ્તારને તોડીને નવું નિર્માણ)વર્તમાન જાહેર શૌચાલયોની નિયમિત અને સખત સફાઈમતદારોએ ભાજપને સ્પષ્ટ બહુમતી આપીને વિકાસ અને સુવિધાઓની અપેક્ષા રાખી છે. તેથી નવા પ્રમુખ-ઉપપ્રમુખે પ્રાથમિકતા આપીને આ પ્રાણ પ્રશ્નોનું ત્વરિત નિરાકરણ લાવવું જોઈએ.

તારીખ : 18/05/2026

# સાવરકુંડલામાં સદ્દભાવના ગ્રુપ દ્વારા 43 ડિગ્રી તાપમાનમાં 107 મોં રક્તદાન કેમ્પનું સફળ આયોજન, 77 યુનિટ રક્ત એકત્રિત



સદ્દભાવના ગ્રુપ દ્વારા સાવરકુંડલા મા અમરેલી રેડક્રોસ સોસાયટીના સહયોગથી એક સફળ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં શહેરના સેવાભાવી રક્તદાતાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને કુલ યુનિટ અમૂલ્ય રક્તનું દાન કર્યું હતું. સદ્દભાવના ગ્રુપ, જે છેલ્લા 24 વર્ષથી 8 હેલ્પલાઈન દ્વારા સમાજ સેવાના કાર્યોમાં મોખરે રહ્યું છે, તેમના દ્વારા આયોજિત આ 107 મો રક્તદાન કેમ્પ એક સુંદર અને સુવ્યવસ્થિત કાર્યક્રમ રહ્યો હતો. ગ્રુપ દ્વારા લોકોને રક્તદાનના મહત્વ વિશે જાગૃત કરવામાં આવ્યા હતા અને અપીલ કરવામાં આવી હતી કે સમયસર મળેલું રક્ત અનેક જરૂરિયાતમંદ લોકોના જીવનને બચાવી શકે છે. આ રક્તદાન કેમ્પ પરોક્ષ રીતે અનેક લોકો માટે જીવનદાતા સાબિત થશે.







કે.ડી. NEWS
તારીખ : 18/05/2026

# વર્ષો જૂની સમસ્યાનો અંત: ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાના પ્રયાસોથી સાવરકુંડલા તાલુકાના પિપરડી ગામે પૂર નિયંત્રણ અને પાણી નિકાલ માટે રૂા. ૧.૧૪ કરોડના કામને સૈદ્ધાંતિક મંજૂરી





## સાવરકુંડલાના પિપરડી ગામમાં પૂર નિયંત્રણ માટે હિપાવડલી, લીંડકીયા, ખારી, સુખવો નદીના ડીપનીંગ અને પ્રોટેક્શન બંડનું કામ થશે

સાવરકુંડલા તાલુકાના પીપરડી ગામને ૧.૧૪ કરોડ ની મંજુર કરવા બદલ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ જળસંપતી મંત્રીશ્રી ઈશ્વરભાઈ પટેલનો ખુબ ખુબ આભારસાવરકુંડલા તાલુકાના પિપરડી ગામમાં ચોમાસા દરમ્યાન વરસતા ભારે વરસાદને કારણે ગામ તથા આસપાસના ખેતી વિસ્તારમાં વરસોથી ઉભી થતી પૂર અને પાણી ભરાવાની ગંભીર સમસ્યાના કાયમી ઉકેલ માટે ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાના પ્રયાસોથી રાજ્ય સરકાર દ્વારા ૪૦ વર્ષો જૂની મહત્વપૂર્ણ સમસ્યાના વિકાસકાર્યની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.ડીપનીંગ ઓફ હિપાવડલી, લીંડકીયા, ખારી અને સુખવો રીવર તથા રીસ્ટોરેશન ઓફ પ્રોટેક્શન બંડ એટ વિલેજ પિપરડી, તાલુકો સાવરકુંડલા" નામની કામગીરી માટે અંદાજિત રૂા. ૧ કરોડ ૧૪ લાખના ખર્ચને સૈદ્ધાંતિક મંજૂરી મળતા ગ્રામજનોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે.પિપરડી ગામની આસપાસ આવેલી હિપાવડલી, લીંડકીયા, ખારી અને સુખવો નદીઓમાં વર્ષોથી ગાદ ભરાઈ જવાના કારણે વરસાદી પાણીનો પ્રવાહ અવરોધાય છે. જેના પરિણામે ચોમાસા દરમિયાન ગામમાં પાણી ભરાઈ જવું, ખેતીની જમીનોમાં નુકસાન થવું તથા રસ્તાઓ અને નીચાણવાળા વિસ્તારોમાં અવરજવર મુશ્કેલ બનવી જેવી પરિસ્થિતિ સર્જાતી હતી.હવે મંજૂર થયેલી કામગીરી અંતર્ગત નદીઓનું ડીપનીંગ અને સફાઈ કાર્ય હાથ ધરાશે, જેથી વરસાદી પાણીનો વહેણ સરળતાથી પસાર થઈ શકે. સાથે જ ગામ અને ખેતી વિસ્તારને પૂરથી સુરક્ષિત રાખવા માટે પ્રોટેક્શન બંડનું રીસ્ટોરેશન અને મજબૂતીકરણ કરવામાં આવશે.આ કામગીરી પૂર્ણ થયા બાદ પિપરડી ગામમાં ચોમાસા દરમ્યાન પાણી ભરાવાની સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો થશે તેમજ ખેડૂતોને ખેતીમાં થતા નુકસાનમાંથી રાહત મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. ગ્રામજનો માટે આ યોજના આશીર્વાદરૂપ સાબિત થશે અને ગામના વિકાસને નવી દિશા મળશે.સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં પૂર નિયંત્રણ, પાણી વ્યવસ્થાપન અને ગ્રામ વિકાસને પ્રાથમિકતા આપી સતત વિકાસકાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે, સાવરકુંડલા તાલુકાના પીપરડી ગામને ૧.૧૪ કરોડ ની મંજુર કરવા બદલ ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલા એ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ જળસંપતી મંત્રીશ્રી ઈશ્વરભાઈ પટેલનો ખુબ ખુબ આભાર માન્યો હતો.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 18/05/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વાંકા-ચુકા દાંતની સારવારનાં નિષ્ણાંત

## અમરેલી જિલ્લાનાં એકમાત્ર M.D.S.

# ડો. દેવાંગ બી. પંડયા

**B.D.S., M.D.S.(orthodontics)**
**Double-Slot System (Brazil)**



દાંત, મોં તથા જડબાને લગતાં તમામ રોગોની સારવાર માટેની એકમાત્ર હોસ્પિટલ

# દેવ ડેન્ટલ ક્લિનીક & ઇમ્પ્લાન્ટ સેન્ટર

**સમય : સવારે ૯ થી ૧ / સાંજે ૪ થી ૮**

સ્થળ : ઇન્દુ પ્લાઝા કોમ્પ્લેક્ષ, મણીભાઇ ચોક, સાવરકુંડલા. મો. ૭૭૭૭૯ ૧૧૦૦૭

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 18/05/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ભુવારોડ રોડ ટચ મકાન વેચવાનું છે



## સોહમનગર ૨ મા

## વિષ્ણુ દાદા નું મકાન

મકાનમાં ફૂલ સગવડતા નીચે ૧ રૂમ, રસોડું, ફળિયું ઉપર ૧ રૂમ । અગાસી પાછળના ભાગમાં

**ફુલ હવાઉજાસ**

ઉગમણાબાર નું **મકાન** વેચવાનું છે

## સંપર્ક

9727976007

8155935506

તારીખ : 18/05/2026

# અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી સંજય ખરાતે વસ્તી ગણતરીની સ્વ-ગણતરી (Self Enumeration) પ્રક્રિયામાં જોડાવા માટે નાગરિકોને અનુરોધ કર્યો





## વસ્તી ગતણરીની સાચી માહિતી યોજનાઓના આયોજન, અમલીકરણ અને વિકાસકાર્યો અસરકારક બનાવવા જરૂરી – પોલીસ અધિક્ષકશ્રી



00000અમરેલી તા. ૧૮ મે, ૨૦૨૬ (સોમવાર) - વસ્તી ગણતરી -૨૦૨૭ ભારત સરકાર દ્વારા હાથ ધરાતી રાષ્ટ્ર નિર્માણની અત્યંત મહત્વપૂર્ણ પ્રક્રિયા છે. ગુજરાત રાજ્યમાં જનગણના - ૨૦૨૭ અંતર્ગત સ્વ-ગણતરી (Self Enumeration) પ્રક્રિયાની શરૂઆત થઈ ગઈ છે. આ પ્રક્રિયામાં સ્વ-ગણતરી કરવી હવે સહેલી છે. સમગ્ર રાજ્યમાં આગામી ૩૧ મે દરમિયાન નાગરિકો ઓનલાઈન પોર્ટલ પર પોતાની જાતે સ્વ-ગણતરી કરી શકે છે. અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી સંજય ખરાતે વિકસિત ભારત - ૨૦૨૭ના નિર્માણ માટે દેશની જરૂરી એવી નીતિઓ અને યોજનાઓના ઘડતરમાં વસતિ ગણતરીને અભિન્ન અંગ ગણાવ્યું છે. આ અંગે નાગરિકોને રાષ્ટ્રહીતમાં સ્વ-ગણતરી પ્રક્રિયામાં જોડાવા માટે અપીલ કરતા શ્રી ખરાતે જણાવ્યું હતું કે, વસ્તી ગણતરીમાંથી પ્રાપ્ત માહિતીનો ઉપયોગ વસ્તી ગણતરીમાંથી પ્રાપ્ત થતી માહિતીનો ઉપયોગ વિવિધ જનહિતલક્ષી યોજનાઓના આયોજન, અમલીકરણ અને વિકાસકાર્યોને વધુ અસરકારક બનાવવા માટે કરવામાં આવે છે. હું નાગરિકોને અપીલ કરું છું કે, આપ hppts://se.census.gov.in પોર્ટલ પર જઈ સરળતાથી સ્વ-ગણતરી કરી શકશો. આ તકે અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક તરીકે શ્રી ખરાતે તેમની સ્વ-ગણતરી પ્રક્રિયા માટે નોંધણી પ્રક્રિયા કરી હતી અને નાગરિકોને ઉત્સાહપૂર્વક આ પ્રક્રિયામાં ભાગ લેવા માટે અપીલ કરી હતી.

**નાગરિકો ૩૧ મે ૨૦૨૬ સુધી આપ hppts://se.census.gov.in પોર્ટલ પર જઈ સરળતાથી સ્વ-ગણતરી કરી શકશે**

કે.ડી. NEWS

તારીખ : 18/05/2026

# અંગ દઝાડતી ગરમી: અમરેલી સહિત 12 શહેરોમાં 41 ડિગ્રી ઉપર તાપ

ઉનાળાની ગરમી છેલ્લા ઘણા સમયથી ખૂબ વધી રહી છે ત્યારે 17 મે 2026 રવિવારે પણ મોટાભાગના વિસ્તારોમાં ગરમીનો પારો સામાન્ય કરતા ઊંચો નોંધાયો હતો. સમગ્ર રાજ્યમાં સુરેન્દ્રનગર સૌથી ગરમ શહેર રહ્યું છે જ્યાં તાપમાન નો પારો 44.5 ડિગ્રી સેલ્સિયસ ને આંબી ગયો છે. જ્યારે અમરેલી સહિત રાજકોટ, અમદાવાદ,વડોદરા, સુરત સહિતના 12 શહેરોમાં પણ 41 ડિગ્રીથી વધુ આકરા તાપના કારણે જનજીવન પ્રભાવિત રહ્યું હતું જેમાં અમરેલીમાં 43.3 ડીગ્રી તાપમાન હતું અને આકરા તાપના કારણે બપોરના સમયે રોડ રસ્તા પણ સૂમસામ જોવા મળ્યા હતા.



તારીખ : 18/05/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

SAINT THOMAS SCHOOL SAVARKUNDLA

# સેન્ટ થોમસ ઈંગ્લીશ સ્કૂલ

ગીરધરવાવ પાછળ, મહુવારોડ, સાવરકુંડલા. ફોન : 94264 22144/02845-295032

## શું તમારા બાળકને ભવિષ્ય માટે મજબૂત આધાર મળી રહ્યો છે?

ઘણા વાલીઓને ચિંતા રહે છે !!!

પૂરતું વ્યક્તિગત ધ્યાન મળતું નથી * અભ્યાસનો મજબૂત આધાર નથી

અંગ્રેજી બોલવામાં આત્મવિશ્વાસ ઓછો છે,,,

## આ તમામ ચિંતાઓનું સમાધાન એટલે થોમસ સ્કુલ...

### અમારી વિશેષતાઓ

- દર વર્ષે ૧૦૦% પરિણામ
- અંગ્રેજી માધ્યમ શિક્ષણ
- અનુભવી અને સંવેદનશીલ શિક્ષકો
- સુરક્ષિત અને શિસ્તબદ્ધ કેમ્પસ
- દરેક વિદ્યાર્થી પર વ્યક્તિગત ધ્યાન



## તમારા બાળકના ભવિષ્ય સાથે સમાધાન ન કરો.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે

# પ્રવેશકાર્ય શરૂ છે...

ધોરણ : નર્સરી થી ધોરણ-૯

દર વર્ષે 100 % પરિણામ

વહેલા પ્રવેશ માટે ખાસ લાભ

સંપર્ક: 9376245177 /9033321323

મર્યાદિત બેઠકો આજે જ પ્રવેશ લો!

કે.ડી. NEWS

તારીખ : 18/05/2026

# દ્વારકાધીશ મંદિરે સમગ્ર અધિક પુરુષોત્તમ માસમાં ભવ્ય અને દિવ્ય ઉત્સવો ઉજવાશે




17 મે 2026 રવિવારથી અધિક પુરુષોત્તમ માસની શરૂઆત થઈ છે ત્યારે દ્વારકાધીશ જગત મંદિરે અનેક ઉત્સવો ભવ્ય અને દિવ્ય રીતે ઉજવાશે જેમાં હિંડોળા દર્શન, વસંત પંચમી, રામ નવમી, વિજયાદશમી, પુષ્પ શૃંગાર, તુલસી વિવાહ, દેવ દિવાળી, જન્માષ્ટમી, ગોવર્ધન પૂજા, અન્નકુટ,મનોરથ વગેરે નો સમાવેશ થાય છે.જેમાં 20 મે 2026 બુધવારના રોજ હિંડોળા ઉત્સવ ઉજવાશે શ્રીજીના સવાર સાંજના દર્શનનો સમય નિત્ય કર્મ મુજબ રહેશે ઉત્સવ દર્શન સાંજે થશે જ્યારે 21 મે 2026 ગુરુવારના રોજ વસંત પંચમી ઉત્સવ ઉજવાશે જેમાં શ્રીજીના દર્શન ક્રમ નિત્યક્રમ મુજબ રહેશે 24 મે 2026 ના રોજ રામનવમી ઉત્સવ ઉજવાશે સવારે 10 15 થી 12 સુધી દર્શન બંધ રહ્યા બાદ ઉત્સવ દર્શન 12:00 વાગ્યા થશે આવી રીતે દરેક અલગ અલગ કાર્યક્રમો ભવ્ય અને દિવ્ય રીતે ઉજવાશે જેમાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહેશે દ્વારકાધીશના દર્શન કરી ધન્યતા અનુભવશે અને જય દ્વારકાધીશનો નાદ ગુંજી ઉઠશે.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 18/05/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# ઘરની વાડીની પ્યોર ઓર્ગેનિક કેસર કેરી મળશે..

## 10 કિલોનું બોક્ષ ફકત રૂા. 1200

તેમજ ઓર્ગેનિક કેસર કેરીનો પ્યોર રસ મળશે...

# ઈલોરા કોલ્ડ્રીંકસ

નદી બજાર, સાવરકુંડલા.

મુકેશભાઈ ગોહિલ
મો. 94262 43350

K/D NEWS

તારીખ : 18/05/2026

# મહુવાથી બાંદ્રા અને સુરત જતી ટ્રેન હવે 25 મિનિટ વહેલી!




રેલવે તંત્ર દ્વારા મહુવાથી બાંદ્રા અને મહુવાથી સુરત જતી ટ્રેનોના સમયમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો છે.

હવે 23મી તારીખથી બંને ટ્રેનો 25 મિનીટ વહેલી ઉપડશે.

## સમયમાં ફેરફાર

| | પહેલા | હવે (23મી તારીખથી) |
|---|---|---|
| મહુવા સ્ટેશન | સાંજે 5:55 ઉપડતી હતી | સાંજે 5:30 ઉપડશે |
| રાજુલા સ્ટેશન | સાંજે 6:37 ઉપડતી હતી | સાંજે 6:12 ઉપડશે |
| સાવરકુંડલા સ્ટેશન | સાંજે 7:45 ઉપડતી હતી | સાંજે 7:39 ઉપડશે |
| લીલીયા સ્ટેશન | સાંજે 8:23 ઉપડતી હતી | સાંજે 8:19 ઉપડશે |

રેલવે તંત્રએ મુસાફરોને સમયનું ખાસ ધ્યાન રાખવા અનુરોધ કર્યો છે.

**BIG BREAKING**

તારીખ : 18/05/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# આપના કિંમતી મસાલા વજન કરીને આપવું, વજન કરીને લેવું.
# ઘાણાજીરૂ - હળદર અલગ-અલગ ઘંટીએ દળી આપીશું.

## ખાત્રી બંધ દળી આપીશું...

# ભાવળીયા ફ્લોર મિલ

ફરાળ બારે મહિના દળી આપીશું...

બારેય મહિનાનાં મસાલા બારેય મહિના દળી આપીશું...

## મણીભાઈ ચોક, કપોળ મહાજનવાડીના પાછળના ડેલાની કોર્નર, સાવરકુંડલા.

## મો. ૯૪૦૯૨ ૭૧૩૯૩/૯૯૭૯૯ ૩૫૧૭૫

## ઝડપી સર્વિસ...

## સવારના ૭ થી રાત્રીના ૧૧ સુધી..

તારીખ : 18/05/2026

# ગુજરાતીઓના DNA માં ડેવલપમેન્ટ છે: શ્રી અમિત શાહ



17 મે 2026 રવિવારના રોજ કેન્દ્રીય ગૃહ સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે ગાંધીનગર ખાતે જણાવ્યું હતું કે આજે દેશના 80% વિસ્તારમાં ભાજપ અને એનડીએ ની સરકાર છે અહંકાર નહીં આત્મવિશ્વાસ એ અમારી સરકારની ઓળખ છે કેન્દ્રીય ગૃહ સહકારિતા મંત્રી શ્રી અમિત શાહના હસ્તે 17 મે 2026 રવિવારે અમદાવાદ ગાંધીનગર ખાતે વિવિધ લોકાર્પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું જેમાં તેઓએ જણાવ્યું હતું કે ગુજરાતે આઝાદીના સમયથી દેશનું નેતૃત્વ કર્યું છે તેવી જ રીતે ટેકનોલોજીના ક્ષેત્રે પણ ગુજરાત દેશનું નેતૃત્વ કરશે અને જણાવ્યું હતું કે ગુજરાતીઓના ડીએનએમાં ડેવલપમેન્ટ છે.


K/D NEWS
તારીખ : 18/05/2026
ડોલર સામે
રૂપિયો પહેલી વાર
96.18
પર પહોંચ્યો
ડોલર-રૂપિયો ઍક્સચેન્જ રેટ
96.18
(ઈતિહાસમાં સૌથી વધુ)
ક્રૂડ ઓઈલ
ભડકે બળ્યું:
$110
ને પાર
CRUDE
OIL

કે.ડી. NEWS

તારીખ : 18/05/2026

# અમરેલીમાં શિક્ષણના મંદિરોને મળ્યું નવું સ્વરૂપ

## ઊર્જા અને કાયદો રાજ્ય મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે વડિયામાં રૂ. ૧.૦૬ કરોડના ખર્ચે મોઘીબા પ્રાથમિક શાળાના નવા મકાનનું લોકાર્પણ



### વડિયામાં આગામી સમયમાં ધો.૧૧-૧૨ની સરકારી શાળા શરૂ કરવાની નેમ શાળાથી કોલેજ સુધીની શિક્ષણ ઘર આંગણે જ મળશે – મંત્રીશ્રી








અમરેલી તા. ૧૭ મે, ૨૦૨૬ (રવિવાર) - રાજ્યના ઊર્જા અને કાયદો રાજ્ય મંત્રી શ્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે અમરેલી જિલ્લામાં શિક્ષણને વેગ આપતા વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ સંપન્ન થયું હતું. રવિવારે વડિયા તાલુકાના ઢુંઢિયાપીપળીયા ખાતે પ્રાથમિક શાળાના નવા મકાનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું, જ્યારે વડિયા શહેર સ્થિત મોંઘીબા પ્રાથમિક શાળાના નવા મકાનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે મંત્રીશ્રી કૌશિકભાઈ વેકરિયાએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર શિક્ષણક્ષેત્રે ગુણવત્તાસભર માળખાકીય સુવિધાઓ ઉભી કરીને વિદ્યાર્થીઓને ઉત્તમ શિક્ષણ ઉપલબ્ધ કરાવવા પ્રતિબદ્ધ છે. વડિયાને સરકારી કોલેજની સુવિધા મળ્યા બાદ હવે આગામી સમયમાં ધોરણ ૧૧-૧૨ માટે સરકારી શાળા શરૂ કરવાની દિશામાં પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. વડિયાના વિદ્યાર્થીઓને પ્રાથમિક શિક્ષણથી લઈને કોલેજ સુધીનો અભ્યાસ ઘર આંગણે જ ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકાર  કટીબદ્ધ છે.વડિયા મુકામે મંત્રીશ્રીના હસ્તે આશરે રૂ. ૧.૦૬ કરોડના ખર્ચે નિર્માણ પામેલી મોંઘીબા પ્રાથમિક શાળાના નવા મકાનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત, ઢુંઢિયાપીપળીયા મુકામે આશરે રૂ. ૧.૨૫ કરોડના ખર્ચે નિર્માણ પામનારી પ્રાથમિક શાળાના નવા મકાનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ વિકાસકાર્યો શિક્ષણક્ષેત્રે મહત્વપૂર્ણ માઈલસ્ટોન સાબિત થશે.આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સભ્યશ્રી અકબરી, તાલુકા પંચાયતના સભ્યશ્રી પાઘડાળ, અગ્રણીશ્રી પી.વી. વસાણી, સ્થાનિક આગેવાનો, શાળાના આચાર્યશ્રી, શિક્ષકો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ


# કે.ડી. NEWS

તારીખ : 18/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.
99041 41874 / 70961 31005


તારીખ : 18/05/2026

ધ ઉડ્ડાન વેલફેર ફાઉન્ડેશન સંચાલીત

# પ્રભુ નો પ્રસાદ

આજ નો પ્રભુ નો પ્રસાદ દાતા તરીકે રાહુલ હરીભાઈ ગેલાતર ના જન્મદિવસ નિમિતે હતો. આજ નો પ્રભુ નો પ્રસાદ એ જાહેર સ્થાન ઉપર ભિક્ષુક લોકો (પ્રભુ ના માણસ) ને ભોજન આપવાનું કાર્યં દરરોજ કરે છે. આજ નો પ્રભુ નો પ્રસાદ (ભોજન) અને મીઠાઈ ના દાતા શ્રી તેઓ હરીભાઈ ગેલાતર (જેટકો) નો સંસ્થા આપનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરે છે... આજ ની સેવા હરીભાઈ ગેલાતર, રાહુલ ગેલાતર, ચિરાગ ગેલાતર, નીલ મેવાડા એ સેવા આપી હતી.





કે.ડી. NEWS

તારીખ : 18/05/2026


# ધારીમાં સંત મુક્તાનંદ બાપુના જન્મદિવસે રક્તદાન કેમ્પ યોજાયો...



ધારીમાં સંત મુક્તાનંદ બાપુના જન્મદિવસે રક્તદાન કેમ્પ યોજાયો હતો.જીએન દામાણી હાઈસ્કૂલમાં અમરેલી મેડિકલ કોલેજના સહયોગથી આયોજન કરવામાં આવ્યું હતું.અમરેલી જિલ્લાના ધારીની જીએન દામાણી હાઈસ્કૂલમાં સંત શિરોમણી મુક્તાનંદ બાપુના જન્મદિવસ નિમિત્તે રક્તદાન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં મોટી સંખ્યામાં લોકોએ ઉત્સાહભેર રક્તદાન કર્યું હતું.અને અમરેલી શાંતાબા મેડિકલ કોલેજના સહયોગથી આયોજિત આ કેમ્પમાં વહેલી સવારથી જ રક્તદાતાઓ ઉમટી પડ્યા હતા. તેમણે માનવસેવાના ઉદ્દેશ્ય સાથે રક્તદાન કર્યું.આ પ્રસંગે ધારીના ડી.સી.એફ વિકાસ યાદવ પણ ઉપસ્થિત રહ્યા હતા.અને તેમણે રક્તદાતાઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 18/05/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# રોલેક્સ ટ્યુબ્સ પ્રાઈવેટ લિમિટેડ



અમારે ત્યાંથી આપને તમામ પ્રકારના તેમજ દરેક સાઈઝ ના ms GP રાઉન્ડ, સ્કવેર અને લંબચોરસ પાઈપ, પટ્ટી, એંગલ, ચેનલ અને તમામ માળખાકીય વસ્તુઓના ડીલરો

**અમરેલી રોડ, સૂર્યોદય પેટ્રોલપંપ ની બાજુમાં, સાવરકુંડલા.**

**સંપર્ક : મો. 70693 41111**

કે.ડી. NEWS
તારીખ : 18/05/2026

# અમરેલી જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજે વસ્તી ગણતરી-૨૦૨૭ અંતર્ગત ઓનલાઈન સ્વ-ગણતરીની પ્રક્રિયા પૂર્ણ કરી

અમરેલી તા. ૧૮ મે, ૨૦૨૬ (સોમવાર) - વસ્તી ગણતરી -૨૦૨૭ ભારત સરકાર દ્વારા હાથ ધરાતી રાષ્ટ્ર નિર્માણની અત્યંત મહત્વપૂર્ણ પ્રક્રિયા છે. વસ્તી ગણતરીમાંથી પ્રાપ્ત થતી માહિતીનો ઉપયોગ વિવિધ જનહિતલક્ષી યોજનાઓના આયોજન, અમલીકરણ અને વિકાસકાર્યોને વધુ અસરકારક બનાવવા માટે કરવામાં આવે છે. તેથી દરેક નાગરિકની સાચી અને સંપૂર્ણ માહિતી "વિકસિત ભારત"ના નિર્માણમાં અત્યંત મહત્વપૂર્ણ છે. ગુજરાત રાજ્યમાં જન ગણતા – ૨૦૨૭ અંતર્ગત સ્વ-ગણતરી (Self Enumeration) પ્રક્રિયાની શરૂઆત થઈ ગઈ છે. હવે જન ગણનામાં સહભાગી થવું વધુ સરળ, સ્માર્ટ અને સુવિધાજનક બન્યું છે. અમરેલી જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજે જાતે સ્વ-ગણતરી કરી અને જન ગણના માટેની પ્રક્રિયા કરી હતી. આ અંગે અમરેલી જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજે જણાવ્યું હતું કે, તા. ૧૭ મે થી ૩૧ મે, ૨૦૨૬ દરમિયાન, રોજના ૨૪ કલાક, ગુજરાતના અને દેશના કોઈપણ ખૂણેથી આપ hppts://se.census.gov.in પોર્ટલ પર જઈ સરળતાથી સ્વ-ગણતરી કરી શકશો. તેમણે વધુમાં જણાવ્યું કે, "મોબાઈલ અથવા કમ્પ્યુટર દ્વારા ઘેર બેઠા જ થોડી જ મિનિટોમાં આપના વર્તમાન રહેઠાણ તથા પરિવારની વિગતો સરળતાથી નોંધી શકશો. સ્વ-ગણતરી માટે કોઈપણ પ્રકારના દસ્તાવેજ અપલોડ કરવાની જરૂર રહેશે નહીં. સ્વ-ગણતરી પૂર્ણ થયા બાદ આપને એક યુનિક SEID પ્રાપ્ત થશે. ત્યારબાદ ગણતરીદાર આપના ઘરે મુલાકાતે આવે ત્યારે માત્ર SEID દર્શાવી સમગ્ર પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરી શકાશે."આ પ્રક્રિયા અંગે પોતાનો અનુભવ વર્ણવતા તેમણે ઉમેર્યું કે, "મેં પણ સ્વ-ગણતરી કરી છે. આ પ્રક્રિયા ખૂબ જ સરળ, ઝડપી અને સુરક્ષિત છે, જે થોડા જ સમયમાં સહેલાઈથી પૂર્ણ થઈ જાય છે. સ્વ-ગણતરી કરવા અંગે કોઈપણ મુંજવણ કે મુશ્કેલી અનુભવો તો ટોલ ફ્રી નંબર ૧૮૫૫ પર ફોન કરી મદદ મેળવી શકો છો."તેમણે અમરેલી જિલ્લાના નાગરિકોને આ પ્રક્રિયામાં જોડાવા માટે અપીલ કરતા જણાવ્યું હતું કે, રાષ્ટ્રહિતની આ મહત્વપૂર્ણ પ્રક્રિયામાં સક્રિય સહભાગી બની સાચી માહિતી દ્વારા વિકસિત ભારતના નિર્માણમાં આપનું અમૂલ્ય યોગદાન આપશો.

**નાગરિકો ૩૧ મે, ૨૦૨૬ સુધી hppts://se.census.gov.in પોર્ટલ પર જઈ સરળતાથી સ્વ-ગણતરી કરી શકે છે**

**સ્વ-ગણતરી કરનાર નાગરિક ગણતરીદાર ઘરે મુલાકાતે આવે ત્યારે માત્ર SEID દર્શાવી સમગ્ર પ્રક્રિયા ઝડપથી પૂર્ણ કરી શકશે**

તારીખ : 18/05/2026

K/D NEWS

# હાય ગરમી!

# દેશભરમાં તાપમાનનો કેહેર યથાવત!




**UPનું બાંદા**
**સૌથી ગરમ 46.4°C**



**બિહારમાં ગરમીથી સ્કૂલની 27 વિદ્યાર્થીની બેભાન**



**MP, રાજસ્થાન સહિત 22 શહેરોમાં પારો 43°C પાર**

**ગુજરાત રાજ્યમાં સુરેન્દ્રનગર 44.5°C સાથે અવ્વલ**




**6 શહેરમાં**

**સતત બીજા દિવસે હાઈએસ્ટ ગરમી, પારો 42°Cને પાર**


- રાજકોટ 42.8°C
- અમરેલીઠ 42.6°C
- ભાવનગર 42.4°C
- કચ્છ 42.3°C
- જૂનાગઢ 42.2°C
- વડોદરા 42.1°C


**હજુ પાંચ દિવસ સુધી આકરી ગરમીની હવામાનની આગાહી**

તારીખ : 18/05/2026

# જાણીતા કવિ નિરંજન ભગત અને આદિલ મન્સુરી નો આજે જન્મદિવસ..

નિરંજન નરહરિભાઈ ભગત (૧૮ મે ૧૯૨૬ - ૧ ફેબ્રુઆરી ૨૦૧૮) એ જાણીતા ગુજરાતી કવિ હતાં. તેઓનાં નગરજીવનનાં કાવ્યો એ સૌથી મોટું પ્રદાન છે.છંદોલય (૧૯૪૭) નાગરી ગુજરાતી લિપિમાં ગુજરાતી કવિતાનો નવો વળાંક સૂચવતો તથા માંજેલી ભાષાનો અને ચુસ્ત પદ્યબંધનો અનોખો આસ્વાદ આપતો કાવ્યસંગ્રહ છે. કિન્નરી (૧૯૫૦) ગીતસંગ્રહ છે. અલ્પવિરામ (૧૯૫૪) મુંબઈનાં સ્થળ, કાળ અને પાત્રોની પચીસ કૃતિઓનો સંગ્રહ છે. છંદોલય (સંવ. આવૃત્તિ, ૧૯૫૭) પૂર્વેના ત્રણે સંગ્રહોમાંથી ચૂંટેલાં કાવ્યો તથા સંસ્કૃતિમાં પ્રગટ થયેલાં અન્ય પ્રકીર્ણ કાવ્યોનો સંગ્રહ છે. ઉપરાંત, મુંબઈ વિશેનાં કાવ્યોનો ગુચ્છ પ્રવાલદ્વીપ નામે અહીં અંતે આપ્યો છે. પ્રવાલદ્વીપ કાવ્યજૂથ કવિના મુંબઈ મહાનગરમાં વસવાટ દરમિયાનના પ્રબળ સંસ્કારોનો અભિનવ કલ્પનોમાં વિસ્ફોટ છે. ૩૩ કાવ્યો (૧૯૫૮)માં મનુષ્ય-મનુષ્ય વચ્ચેના સંબંધ વિશેના કાવ્યો છે. આદિલ મન્સુરી (૧૮ મે ૧૯૩૬ - ૬ નવેમ્બર ૨૦૦૮) ગઝલકાર, કવિ, નાટ્યકાર હતા. મનહર ઉધાસે ગાયેલી "જયારે પ્રણયની જગમાં શરૂઆત થઈ હશે" તેઓની લોકપ્રિય ગઝલ છે. ગુજરાતી ગઝલને આધુનિકતાનો વળાંક આપવામાં તેમનું યોગદાન અત્યંત નોંધપાત્ર હતું. નૂતન ભાષા શૈલીમાં પ્રતિક યોજના અને બિંબ વિધાના તથા મૌનની ભાષામાં વિચારો સંક્રાંત કરવાની ખૂબીઓએ આદિલ મન્સૂરીને આધુનિક ગઝલના અગ્રણી બનાવ્યા હતા.



કે.ડી. NEWS

તારીખ : 18/05/2026

# સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ લીલીયા ના એન.સી.સી. કેડેટ્સે સફળતા પૂર્વક વાર્ષિક પ્રશિક્ષણ કેમ્પ પૂર્ણ કર્યો...




સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજના એન.સી.સી. કેડેટ્સે તા. 3, મે ૨૦૨૬ થી ૧૨, મે ૨૦૨૬ સુધી યોજાયેલા દસ દિવસીય વાર્ષિક પ્રશિક્ષણ કેમ્પ સફળતાપૂર્વક પૂર્ણ કરીને કોલેજ તેમજ સમગ્ર વિસ્તારનું નામ રોશન કર્યું છે. આ કેમ્પ દરમિયાન કોલેજના કેડેટ્સે ઉત્કૃષ્ટ શિસ્ત, અપ્રતિમ ઉત્સાહ અને વિવિધ સ્પર્ધાઓમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરીને પોતાની ક્ષમતાનો પરિચય આપ્યો હતો.કોલેજમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ અને રાષ્ટ્રપ્રેમની ભાવના જગાડવાના હેતુથી છેલ્લા ૨ વર્ષથી NCC પ્રવૃત્તિઓ ધમધમી રહી છે. આ યુનિટ સ્થાપનાકાળથી જ કોલેજના આચાર્ય શ્રી ડૉ. રાજેન્દ્રસિંહ એ. રાઠોડ (જી. ઈ .એસ. ક્લાસ - ૧)સાહેબના કુશળ અને પ્રેરણાદાયી નેતૃત્વ હેઠળ કાર્યરત છે. તેમના સતત માર્ગદર્શન અને સખત પરિશ્રમના પરિણામે જ કોલેજના વિદ્યાર્થીઓ ખૂબ ટૂંકા ગાળામાં લશ્કરી તાલીમના ઉચ્ચ ધોરણો સર કરી શક્યા છે.આ વાર્ષિક કેમ્પ દરમિયાન કેડેટ્સને સવારની પી.ટી. અને કડક પરેડ ઉપરાંત રાઈફલ ફાયરિંગ (વેપન ટ્રેનિંગ), મેપ રીડિંગ (નકશા વાચન), ફર્સ્ટ એઈડ (પ્રાથમિક સારવાર) અને આપત્તિ વ્યવસ્થાપન (ડિઝાસ્ટર મેનેજમેન્ટ) જેવી સૈન્ય કક્ષાની સઘન તાલીમ આપવામાં આવી હતી. આ સાથે જ કેડેટ્સે કેમ્પ દરમિયાન આયોજિત સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, રમતગમત અને સ્વચ્છતા અભિયાનમાં પણ સક્રિય ભાગ લીધો હતો. કોલેજના એન.સી. સી. ઑફિસર ડૉ. મહેશ એસ. ગઢિયાએ કેમ્પમાં ભાગ લેવા બદલ કેસેટ્સ ને અભિનંદન પાઠવ્યા હતા.કોલેજના આચાર્ય શ્રી ડૉ. રાજેન્દ્રસિંહ એ. રાઠોડ (જી. ઈ .એસ. ક્લાસ - ૧) સાહેબે કેડેટ્સની આ સફળતાને બિરદાવતા જણાવ્યું હતું કે, "એન.સી.સી.એ માત્ર એક પ્રવૃત્તિ નથી, પરંતુ યુવાનોમાં 'એકતા અને શિસ્ત'ના મૂલ્યો રોપીને તેમને જવાબદાર નાગરિક બનાવવાની પાઠશાળા છે. છેલ્લા બે વર્ષમાં કોલેજના કેડેટ્સે જે સમર્પણભાવ દર્શાવ્યો છે તેનાથી સંસ્થા ગૌરવ અનુભવે છે."કેમ્પની સફળ પૂર્ણાહુતિ કરીને પરત ફરેલા તમામ કેડેટ્સને કોલેજના શૈક્ષણિક સ્ટાફ, વહીવટી કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ વતી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા અને આગામી સમયમાં તેઓ 'બી' અને 'સી' સર્ટિફિકેટ પરીક્ષામાં પણ આવી જ સફળતા મેળવે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી હતી.

# રાજુલાના અખાડા મેદાનમાં ગ્રીષ્મ પારાયણ નું આયોજન



અમરેલી જિલ્લાના રાજુલા શહેરના મધ્યભાગે આવેલ અખાડા મેદાન ખાતે બીએપીએસ સંસ્થાના પ્રસિદ્ધ અને વશિષ્ઠ કથાકાર પૂજ્ય જનમંગલ સ્વામીના મુખેથી વિશેષ ગ્રીષ્મ પારાયણનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ત્રણ દિવસીય ગ્રીષ્મ પારાયણનો પ્રારંભ આજથી ત્રણ દિવસ સુધી દરરોજ રાત્રિના 9:00 કલાકે યોજાશે. માનવજીવનમાં દરેક વ્યક્તિ પોતાના ઘર અને મનને મંગલમય બનાવવા ઈચ્છે છે, પરંતુ અનેક વખત આ ઈચ્છાઓ માત્ર સપના બની રહે છે. આવા સપનાઓને સાકાર કરવા અને જીવનમાં આધ્યાત્મિક ઉર્જા, શાંતિ તથા સકારાત્મકતા લાવવા માટે આ પારાયણનું આયોજન કરવામાં આવ્યું છે.આ પ્રસંગે સાધુ વિનિમ મુનિદાસ સ્વામી, સાધુ યોગપુરુષ સ્વામી તથા સાધુ નારાયણસેવક સ્વામી વિશેષ ઉપસ્થિત રહી હરિભક્તોને આશીર્વચન આપશે. પારાયણ દરમિયાન હરિભક્તો માટે એક દિવસના પારાયણ પૂજન તેમજ સંત ધોતિયાની સેવા આપવાની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે. ત્યારે સમગ્ર વાતાવરણ ભક્તિમય બનશે. અને મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહેશે અને ધન્યતા અનુભવશે.

તારીખ : 18/05/2026

# ભારતના ઈતિહાસની પ્રથમ ડિજિટલ વસ્તી ગણતરીનો સુરતમાં શુભારંભ

## રાજ્યસભા સાંસદશ્રી ગોવિંદભાઈ ધોળકિયાએ ઓનલાઈન વિગતો ભરી નાગરિકોને ડિજિટલ 'સ્વ-ગણતરી'માં જોડાવા કરી અપીલ : સાંસદ શ્રી ગોવિંદભાઈ ધોળકિયા







માહિતી બ્યુરો-સુરત, રવિવાર: દેશના વિકાસના આયોજન માટે અત્યંત મહત્વપૂર્ણ એવા વસ્તીગણતરી ૨૦૨૬ના પ્રથમ તબક્કાનો આજથી સમગ્ર દેશ અને રાજ્ય સાથે સુરત ખાતે પણ મંગલ પ્રારંભ થયો છે. ભારત સરકાર દ્વારા પૂરી પાડવામાં આવેલી વિશેષ ડિજિટલ સુવિધા 'સ્વ-ગણતરી' (Self-Enumeration) અભિયાન અંતર્ગત સુરતના સાંસદશ્રી ગોવિંદભાઈ ધોળકિયાએ આજે અભિયાનના પ્રથમ દિવસે જ પોતાના નિવાસસ્થાનેથી ઓનલાઈન પોર્ટલ પર પરિવારની વિગતો ભરીને આ રાષ્ટ્રીય કાર્યમાં પોતાનું સક્રિય યોગદાન આપ્યું હતું. સાંસદશ્રીએ આ પ્રસંગે સુરત અને ગુજરાતના તમામ નાગરિકોને પોતાની રાષ્ટ્રીય ફરજ સમજીને આ ડિજિટલ અભિયાનમાં ઉત્સાહભેર જોડાવા માટે જાહેર અપીલ કરી હતી.

જનગણના ૨૦૨૭ એ દેશના ઉજ્જવળ ભવિષ્ય અને જનકલ્યાણકારી આયોજનનો મજબૂત પાયો છે એમ જણાવી સાંસદશ્રી ગોવિંદભાઈ ધોળકિયાએ જણાવ્યું હતું કે, ભારત સરકાર દ્વારા હાથ ધરાતી એક અત્યંત મહત્વપૂર્ણ રાષ્ટ્રીય પ્રક્રિયા છે. આ આંકડાઓનો ઉપયોગ આગામી સમયમાં નવનિર્માણ, યોગ્ય સંસાધનોનું વિતરણ, શિક્ષણ, આરોગ્ય, આવાસ, રોજગાર અને પરિવહન જેવી અનેક જનકલ્યાણકારી યોજનાઓને છેવાડાના અને સાચા લાભાર્થીઓ સુધી અસરકારક રીતે પહોંચાડવા માટે કરવામાં આવશે. સરકાર જ્યારે વિકાસનો આ અવસર લઈને આપણા દ્વાર આવી છે, ત્યારે આ રાષ્ટ્રીય મહાયજ્ઞમાં

# વસ્તી ગણતરીની પ્રક્રિયાને સરળ અને પેપરલેસ બનાવવા માટે ઓનલાઈન સેલ્ફ-એન્યુમરેશન પોર્ટલ ખુલ્લું મૂકાયું

ભાગ લેવો એ આપણી પવિત્ર ફરજ બની રહે છે.

સાંસદશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, ટેકનોલોજીના માધ્યમથી નાગરિકો માટે ઘરબેઠા જ 'સ્વ-ગણના' (Self-Enumeration) કરવાની એક પ્રશંસનીય કડી શરૂ કરાઈ છે. તા. ૧૭ મે થી ૩૧ મે સુધી ચાલનારી આ પ્રક્રિયામાં લોકો સુરક્ષિત રીતે ઓનલાઈન માધ્યમથી પોતાની સાચી અને સંપૂર્ણ વિગતો નોંધી શકે છે. નાગરિકોને આશ્વસ્ત કરતા તેમણે સ્પષ્ટ કર્યું કે, આ પ્રક્રિયામાં કોઈ પણ પ્રકારના બેંક એકાઉન્ટ નંબર જેવી સંવેદનશીલ માહિતી માંગવામાં આવતી નથી અને કાયદા મુજબ તમામ વિગતો તદ્દન ગુપ્ત રાખવામાં આવે છે. પોતાના પરિવારની ઓનલાઈન નોંધણી પૂર્ણ કરી સાંસદશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, પોતાના અનોખા મિજાજ માટે જાણીતા આપણા 'સુરતી લાલાઓ' આ પ્રક્રિયામાં ૧૦૦ ટકા ભાગીદારી નોંધાવીને સુરતને સમગ્ર દેશમાં મોખરે રાખશે અને સચોટ તેમજ સર્વસમાવેશી રાષ્ટ્રનિર્માણમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આ પ્રસંગે એડિશનલ સિટી સેન્સસ ઓફિસર રાકેશ મોદી સહિત સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.-00- કેન્દ્ર સરકારની વિશેષ સુવિધા: ૧૭ થી ૩૧ મે સુધી નાગરિકો ઘરે બેઠા જાતે જ ઓનલાઈન 'સ્વ-ગણતરી' કરી શકશે કેન્દ્ર સરકાર દ્વારા ૧૭મી મે થી ૩૧મી મે, ૨૦૨૬ દરમિયાન નાગરિકો માટે ૧૫ દિવસની એક વિશેષ સુવિધા આપવામાં આવી છે, જેના ભાગરૂપે કોઈપણ નાગરિક વસ્તીગણતરીના સત્તાવાર પોર્ટલ se.census.gov.in પર જઈને પોતાના ઘર અને પરિવાર સંબંધિત માહિતી જાતે અને અત્યંત સરળતાથી ઓનલાઈન ભરી શકે છે. આ સુવિધાથી સમયની બચત થશે, ડેટા વધુ સચોટ બનશે અને નાગરિકોની તમામ માહિતી સંપૂર્ણપણે ગુપ્ત અને સુરક્ષિત રહેશે.

સ્વ-ગણતરી (Self-Enumeration) માટે નાગરિકો પોતાના મોબાઈલ કે કમ્પ્યુટરના માધ્યમથી સરળ સ્ટેપ્સ દ્વારા આ પ્રક્રિયા પૂર્ણ કરી શકશે, જેમાં સૌપ્રથમ સત્તાવાર પોર્ટલ se.census.gov.in પર જવાનું રહેશે. ત્યાર બાદ પોતાના મોબાઈલ નંબર પર OTP મેળવીને લોગિન કરવાનું રહેશે. લોગિન કર્યા બાદ પોતાનું રાજ્ય, જિલ્લો અને સ્થાનિક વહીવટી વિગતો પસંદ કરવાની રહેશે. ડિજિટલ નકશા પર પોતાના ઘરનું ચોક્કસ સ્થાન ચિહ્નિત (Mark) કરવાનું રહેશે. ઘર અને પરિવાર સંબંધિત તમામ જરૂરી માહિતી ઓનલાઈન ફોર્મમાં ભરવાની રહેશે. ત્યારબાદ ફોર્મ સબમિટ કર્યા પછી નાગરિકને એક યુનિક SE ID (સેલ્ફ એન્યુમેરેશન આઈડી) મળશે, જેને સુરક્ષિત રાખવાનો રહેશે.

આગામી સમયમાં જ્યારે વસ્તીગણતરી કરનાર (ગણતરીકાર) તમારા ઘરે મુલાકાત લેશે, ત્યારે તેમને માત્ર આ SE ID આપવાનો રહેશે, જેનાથી તેઓ માહિતીની ત્વરિત પુષ્ટિ (Verify) કરી લેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, જો કોઈ નાગરિક આ નિયત ૧૫ દિવસના સમયગાળા દરમિયાન કોઈ કારણસર ઓનલાઈન 'સ્વ-ગણતરી' કરવા માટે અસમર્થ હશે, તો પણ ચિંતા કરવાની કોઈ જરૂર નથી. નિયત સમયપત્રક મુજબ વસ્તીગણતરી કરનાર કર્મચારીઓ દરેક નાગરિકના ઘરે રૂબરૂ આવીને વિગતો નોંધશે. આ પ્રથમ તબક્કા બાદ આગામી ૧લી જૂન થી 30મી જૂન, ૨૦૨૬ દરમિયાન 'મકાનયાદી' (Housing Census) તૈયાર કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

## જનગણના ૨૦૨૭ એ દેશના ઉજ્જવળ ભવિષ્ય અને જનકલ્યાણકારી આયોજનનો મજબૂત પાયો: કેન્દ્ર સરકારના 'આપણી વસ્તીગણતરી, આપણો વિકાસ' અભિયાન હેઠળ ૧૭મી થી ૩૧મી મે દરમિયાન નાગરિકો જાતે ઓનલાઈન માહિતી ભરી શકશે

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## એનિવર્સરી કેક - બેબીશાવર કેક
## સગાઈ કેક - ફોન્ડન્ટ કેક
## મેક અપ કીટ કેક - ફોટો કેક

## અઢળક કેકની વેરાયટીઓ

**New collection**

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

બર્થ ડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં



લાઈવ કેક માટે મુલાકાત લ્યો

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યૂઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યૂઝ...

# HAPPY BIRTHDAY



## Vinit
## Bhavikbhai doshi

HAPPY BIRTHDAY



કે.કે. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526
1,23,873
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

કે.ડી. NEWS
નો નેગેટીવ ન્યુઝ
તારીખ : 18/05/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"શ્વાસ તૂટે છે, શરીર સમાપ્ત થઇ જાય છે. આત્મવિશ્વાસ તૂટે છે, હિંમત ખતમ થઈ જાય છે, પણ વિશ્વાસ તૂટે છે, જીવનની વ્યવસ્થા અને મનની અવસ્થા, બંનેમાં ગરબડ ઊભી થઈ જાય છે. નિંદક સહુનો વિશ્વાસ ગુમાવી બેસે છે. સાવધાન !"




**આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ**



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
**Year2026**


Gurutattva®

**3396**
**18/05/2026**
**Monday**

## आत्मा

मैं का भान समाप्त हो जाने पर साधक को "कर्ममुक्त अवस्था" प्राप्त हो जाती है।

बाबास्वामी
18/5/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram :** t.me/ShreeShivkrupanandSwami **Whatsapp :** Shivkrupanand Swami

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




**શિક્ષકે** ચિન્ટુ ને કહ્યું બોર્ડ ઉપર 55 લખ ચિન્ટુ એ કહ્યું કેવી રીતે લખવું શિક્ષકે કહ્યું પાંચ લખ અને બાજુમાં ફરી પાંચ લખ ચિન્ટુ એ બોર્ડ ઉપર પાંચ લખીને અટકી ગયો શિક્ષક કહે: શું થયું? કેમ અટકી ગયો?

ચિન્ટુ: સાહેબ બીજા પાંચ કઈ બાજુ લખું એ નથી સમજાતું.

ના નેગેટીવ ન્યુઝ
કે.ડી NEWS
તારીખ : 18/05/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 18 મે
# મહત્વની ઘટનાઓ

**જન્મ**

૧૦૪૮ –
ઉમર ખય્યામ, પર્શિયન ગણિતશાસ્ત્રી, ખગોળશાસ્ત્રી અને કવિ (અ. ૧૧૩૧)

૧૬૮૨ –
શાહુ ભોંસલે, પાંચમા મરાઠા છત્રપતિ (અ. ૧૭૪૯)

૧૮૭૨ –
બર્ટ્રાન્ડ રસેલ, બ્રિટિશ તત્ત્વચિંતક, ગણિતજ્ઞ, શાંતિવાદી વિચારક અને લેખક (અ. ૧૯૭૦)

૧૮૮૫ –
હરગોવિંદ પંત, સ્વાતંત્ર્ય સેનાની અને કુમાઉ પરિષદ રાજકીય જૂથ (૧૯૧૫)ના સ્થાપક (અ. ૧૯૫૭)

૧૯૨૬ –
નિરંજન ભગત, ગુજરાતી કવિ (અ. ૨૦૧૮)

૧૯૩૩ –
એચ. ડી. દેવેગૌડા, ભારતના ૧૧મા વડાપ્રધાન

૧૯૩૬ –
આદિલ મન્સુરી, ગુજરાતી ગઝલકાર, કવિ, નાટ્યકાર (અ. ૨૦૦૮)

૧૯૮૦ –
અલી ઝફર, પાકિસ્તાની ગાયક, ગીતકાર, ચિત્રકાર અને અભિનેતા

**તહેવારો અને ઉજવણીઓ**

આંતરરાષ્ટ્રીય સંગ્રહાલય દિવસ
વિશ્વ એઈડ્સ રસી દિન

તારીખ : 18/05/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

## નાની-મોટી

## ચીઠ્ઠી બુક

## વિદ્યાર્થીઓ માટે

## રફ ચોપડા



તેમજ

લખવા માટેની

## કોરી પસ્તી

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?



કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ

# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

# 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 18/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના સાળંગપુરના આજના દર્શન



## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




64K | 50K | 28K | 100K

**સંપર્ક : મો. 94997 97973**